ઈરાન હવે મધ્ય-પૂર્વનો નવો 'બોસ' બનશે

ઈરાન સાથેની લડાઈ પછી મુસ્લિમ જગતનાં સમીકરણો ધરમૂળથી બદલાઈ ગયાં છે. મધ્ય-પૂર્વમાં અત્યાર સુધી પેટ્રોડોલરની બોલબાલા હતી અને તેને કારણે સાઉદી અરેબિયા અમેરિકાનું સૌથી વિશ્વસનીય સાથી ગણાતું હતું. હવે કદાચ સાઉદીનું સ્થાન ઈરાન લેવા જઈ રહ્યું છે. આ યુદ્ધમાંથી ઈરાન એક એવા દેશ તરીકે ઊભરી આવ્યું છે, જેણે મહાસત્તા અમેરિકાને ઝૂકી જવા માટે મજબૂર કર્યું, જેણે ઈઝરાયલની વર્ષો જૂની દાદાગીરીને તોડી નાખી અને મધ્ય પૂર્વની દરેક શક્તિઓ પર હુમલો કર્યો. યુદ્ધ શરૂ થયા પછી ઈરાને કતાર, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, બહેરીન અને કુવૈત પર વિનાશક મિસાઈલ હુમલાઓ શરૂ કર્યા, જેનાથી ગલ્ફના દેશોમાં ઊર્જા પુરવઠો ખોરવાઈ ગયો. ઈરાની હુમલાઓથી આ દેશોમાં જાનહાનિ થઈ, પરંતુ ઈરાન બદલો લેવાની પોતાની જિદમાં અડગ રહ્યું.આ યુદ્ધમાંથી અમેરિકાની પીછેહઠનાં દૂરગામી પરિણામો આવશે અને સૌથી મોટો પ્રશ્ન એ છે કે હવે ઈરાન અને સાઉદી અરેબિયા વચ્ચે ઈસ્લામિક વિશ્વનો સાચો સુલતાન કોણ હશે?

અમેરિકા જે રીતે યુદ્ધમાંથી માર ખાઈને બહાર આવ્યું છે, તે જોતાં તેણે એક રીતે ઈરાનના રૂપમાં પશ્ચિમ એશિયામાં એક નવું ઉત્તર કોરિયા બનાવ્યું છે

ઈરાન-અમેરિકા વચ્ચેના કરાર ચોક્કસપણે પશ્ચિમ અને દક્ષિણ એશિયામાં પરિવર્તન લાવશે. આ કરારમાં દરેક મુદ્દા પર કેટલીક શરતો લાગુ કરવામાં આવી છે. ઈરાન હવે સાઉદી અરેબિયા અને યુએઈ જેવા દેશોને પડકારશે. અમેરિકા જે રીતે યુદ્ધમાંથી માર ખાઈને બહાર આવ્યું છે, તે જોતાં તેણે એક રીતે ઈરાનના રૂપમાં પશ્ચિમ એશિયામાં એક નવું ઉત્તર કોરિયા બનાવ્યું છે. ગલ્ફના દેશોમાં હવે અમેરિકાની વિશ્વસનીયતા પરનો વિશ્વાસ ઓછો થતો જોવા મળશે. ગલ્ફના દેશો તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તેમના પ્રદેશોમાં અમેરિકી લશ્કરી થાણાંઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સુરક્ષા પર આધાર રાખતા હતા, પણ તે બાબતમાં તેમનો ભ્રમ ભાંગી ગયો છે. ઈરાનના મિસાઈલ હુમલાઓ સામે અમેરિકા તેમનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગયું છે. ગલ્ફના દેશો હવે પોતાની સુરક્ષા માટે ઈરાનની શરણાગતિ સ્વીકારે તેવી સંભાવના છે. અબ્રાહમ કરારને વિસ્તૃત બનાવવાની અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઈચ્છા છતાં ગલ્ફના દેશો હવે તેનું પાલન કરે તેવી શક્યતા ખૂબ ઓછા પાંચ વર્ષ માટે ૧૭ ટકા ઘટી ગઈ છે. ઈરાની હુમલાઓમાંથી બહાર નીકળવામાં આ દેશોને ઘણાં વર્ષો લાગશે.

સાઉદી અરેબિયા હાલમાં ઈરાનને એક હરીફ તરીકે જોઈ રહ્યું છે. સાઉદી અરેબિયાએ વારંવાર અમેરિકાને ઈરાન પર હુમલો કરવા માટે ઉશ્કેર્યું હતું અને ઈરાન આ ભૂલી જાય તેવી શક્યતા નથી. સાઉદીના પ્રિન્સ ફૈઝલે કહ્યું કે ઈરાન સાથેના કરારમાં સૌથી મહત્ત્વપૂર્ણ મુદ્દો પરમાણુ શસ્ત્રોનો છે. સાઉદી અરેબિયાની સૌથી મોટી ચિંતા ઈરાનનો પરમાણુ કાર્યક્રમ છે, જેના વિશે સૂચિત કરારમાં તેહરાને

ટાઈમ લાઈન

સંજય વોરા

પરમાણુ શસ્ત્રો ન મેળવવાનું વચન આપ્યું છે. ઈઝરાયેલ પ્રત્યેના ઈરાનના ઈરાદાઓ પણ કોઈ ગુપ્ત બાબત નથી. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે સંબંધો સામાન્ય થાય તેવી શક્યતા ઓછી છે. ઈઝરાયેલ અને અમેરિકા સાથે વારાફરતી લડાઈ કરીને ઈરાને ઓછામાં ઓછું ઈસ્લામિક રાષ્ટ્રોને સંદેશ આપ્યો છે કે તે મહાસત્તાથી ડરશે નહીં. ઈરાનની મિસાઈલ શક્તિએ તેની કુશળતા સાબિત કરી છે.

મક્કા અને મદીના જેવાં ઈસ્લામનાં પવિત્ર સ્થાનોના રક્ષક તરીકે ઈસ્લામિક વિશ્વમાં સાઉદી અરેબિયાનું આધ્યાત્મિક અને ધાર્મિક નેતૃત્વ અટલ છે. તેનું પેટ્રો-ડોલર સંચાલિત અર્થતંત્ર અને ઈસ્લામિક સહકાર સંગઠન (OIC) માં તેનો પ્રભાવ હુમલો કરવાનું ટાળશે. સાઉદી અરેબિયા મુસ્લિમ વિશ્વનો આર્થિક ચહેરો રહેશે, પરંતુ ઈરાન હવે પશ્ચિમ સામે લશ્કરી પ્રતિકારનાં કેન્દ્ર તરીકે ઊભરી આવ્યું છે.

પંજાબ યુનિવર્સિટીના સંરક્ષણ અને વ્યૂહાત્મક બાબતોના વિભાગના પ્રોફેસર મીના દત્તાએ ચિંતા વ્યક્ત કરી કે યુદ્ધ હજુ પણ પૂરું થયું નથી. ડોનાલ્ડ ટ્રમ્પ G-7 મીટિંગમાં બોસ તરીકે આવ્યા હતા પણ તેમની પાસે કંઈક બતાવવા માટે નહોતું, તેથી તેમણે ઈરાન સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. વિયેતનામ હોય કે અફઘાનિસ્તાન, અમેરિકા માટે યુદ્ધ સંભાળવું મુશ્કેલ હોય છે. ઈરાનમાં પણ અમેરિકા સાથે આવી જ સ્થિતિ બની છે. ઈરાન યુદ્ધમાં ધીરજ રાખવાની જરૂર છે, કારણ કે યુદ્ધનો ભય હજુ સમાપ્ત થયો નથી. હાલ માટે શક્તિનું સંતુલન સમાપ્ત થઈ ગયું છે. લડાઈ સંપૂર્ણપણે સમાપ્ત ન થાય ત્યાં સુધી હમણાં કંઈ કહી શકાય નહીં. અમેરિકા તેના શસ્ત્રોનું પરીક્ષણ કરી રહ્યું છે પણ તેનું અમેરિકાની અંદર પરીક્ષણ થઈ રહ્યું નથી. અમેરિકાએ ઈઝરાયેલની ચડામણીથી ઈરાન પર હુમલો કર્યો હતો, પણ અમેરિકાએ ઈરાન સાથે યુદ્ધવિરામનો કરાર કરતી વખતે ઈઝરાયેલને વિશ્વાસમાં ન લીધું એટલે ઈઝરાયેલ ગિન્નાયું છે. તેણે લેબેનોન પરના હુમલાઓ ચાલુ રાખ્યા ત્યારે ઈરાનના દબાણ હેઠળ અમેરિકાએ ઈઝરાયેલને કડવો ઘૂંટડો ગળવાની ફરજ પડી હતી. તેમાં એક તબક્કે તો અમેરિકા અને ઈઝરાયેલ સામસામે આવી ગયા હતા. આ કરાર સાથે મધ્ય-પૂર્વમાં ઈઝરાયેલની દાદાગીરીનો પણ અંત આવશે તેવું લાગે છે.



નવરસોથી છલકાતી થેસ્પિયન આર્ટ્સની નાટ્યસંધ્યા

ગભૂમિ માત્ર મનોરંજનનું માધ્યમ નથી, પરંતુ સમાજના મન, હૃદય અને આત્માને સ્પર્શતી એક જીવંત કળા છે. આ વાતને ફરી એકવાર સાબિત કરી બતાવી થેસ્પિયન આર્ટ્સ દ્વારા ૨૩ જુન ૨૦૨૬ના રોજ, સંસ્કાર ભરતી સ્કુલ ઓડીટોરીયમમાં આયોજિત ભવ્ય નાટ્યસંધ્યાએ. યુવા અને દ્રષ્ટિવંત દિગ્દર્શક યશ ઉપાધ્યાયના સશક્ત નેતૃત્વ હેઠળ રજૂ થયેલા ચાર નાટકો - અપૌરુષ, ખેલંદો, સાઉન્ડપ્રૂફ અને નામ - એ પ્રેક્ષકોને નવરસોની અનોખી સફર કરાવી હતી. કાર્યક્રમ દરમિયાન ઓડિટોરિયમમાં ઉપસ્થિત દરેક દર્શકે માત્ર નાટકો જોયા નહીં, પરંતુ પાત્રોની સાથે હસ્યા, રડ્યા અને આત્મમંથન પણ કર્યું.

કાર્યક્રમની શરૂઆતથી જ વાતાવરણમાં એક સર્જનાત્મક ઊર્જા અનુભવાતી હતી. મંચસજ્જા, પ્રકાશ વ્યવસ્થા અને સંગીતના સુમેળે પ્રેક્ષકોને પ્રથમ દૃશ્યથી જ નાટકના ભાવજગતમાં પ્રવેશ કરાવી દીધા હતા.

પિયુષ ભટ્ટ અને ડૉ.મહેશ ગુપ્તા ના લેખનમાંથી જન્મેલું અપૌરુષ સમગ્ર સાંજના સૌથી ચર્ચાસ્પદ નાટકોમાંનું એક રહ્યું. પુરુષત્વની પરંપરાગત વ્યાખ્યાઓને પડકારતું આ નાટક માત્ર એક વ્યક્તિની કથા નહોતું, પરંતુ અનેક એવા પુરુષોની આંતરિક વેદનાનું પ્રતિબિંબ હતું, જે પોતાની નબળાઈઓ અને જવાબદારીઓ વચ્ચે સંઘર્ષ કરતા રહે છે. લેખકના પાત્રમાં રાહુલ પરમાર અને દેવ આઠવલેએ અજયના પાત્રમાં અસાધારણ અભિનય કરીને પાત્રના આંતરિક તૂટણને જીવંત બનાવી દીધી. સિધ્ધી ઉપાધ્યાય, નંદિની નાયક, મયુર ઠાકોર અને દર્શિલ થુમ્મરએ પણ પોતાના અભિનયથી કથાને વધુ પ્રભાવશાળી બનાવી. કોલેજીયનો મહીર રાબડિયા, હીર રાબડિયા, ખુશી પ્રજાપતિ, સિડેલ શાહ, હેત લીંબાસિયા, પિયુષ સોલંકી, હીર રુડકિયા પણ સાર રહ્યા. અનેક દૃશ્યો દરમિયાન પ્રેક્ષકોની આંખોમાં આંસુઓ દેખાયા, જે નાટકની સફળતાનો સૌથી મોટો પુરાવો હતો. કાગળનો ડૂચો પાત્રને કેવો મરડે છે એવું સબળ દિગ્દર્શન અને અભિનય નાટકને વધુ તીવ્ર બનાવી પ્રેક્ષકો સુધી પહોંચાડે છે તેનો પુરાવો આ નાટક છે.

કર્ટનકોલ

- વૈભવ દેસાઈ

ત્યારબાદ રજૂ થયેલું ખેલંદો જીવનદર્શનને સરળ ભાષામાં રજૂ કરતું છતાં અત્યંત ગહન નાટક હતું. ચુનીલાલ મડિયાના લેખનને યશ ઉપાધ્યાયે સુંદર દિગ્દર્શકીય સ્પર્શ આપ્યો હતો. ભાવિક રાઠોડ, મયુર ઠાકોર, રાહુલ પરમાર અને દેવ આઠવલેએ પાત્રોને એવી સ્વાભાવિકતા આપી કે જાણે પ્રેક્ષકો કોઈ નાટક નહીં પરંતુ જીવનનો એક હિસ્સો જોઈ રહ્યા હોય. હાસ્યરસ અને તત્ત્વચિંતન વચ્ચેનો સંતુલિત પ્રવાહ નાટકની સૌથી મોટી વિશેષતા રહી.

સાઉન્ડપ્રૂફ સમગ્ર કાર્યક્રમનું સૌથી પ્રયોગાત્મક અને કલાત્મક પ્રસ્તુતીકરણ સાબિત થયું. જ્યાં શબ્દો મૌન થઈ જાય છે ત્યાં લાગણીઓ કેવી રીતે સંવાદ કરે છે તેની અનોખી રજૂઆત પ્રેક્ષકો માટે એક નવો અનુભવ બની. મન અને શરીરના બે અલગ સ્તરો પર રચાયેલા પાત્રોની કલ્પનાએ નાટકને વિશેષ ઊંચાઈ આપી. સિધ્ધી ઉપાધ્યાય, ખુશી પ્રજાપતિ, વિનયી પાઠક, નિરાલી પારેખ, સિડેલ શાહ, ક્રિષ્ના ચૌહાણ, હીર રાબડિયા અને નંદિની નાયકએ અસાધારણ ટીમવર્ક અને અભિવ્યક્તિ દ્વારા દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા. સમગ્ર ઓડિટોરિયમમાં છવાયેલું મૌન અને અંતે પડેલી ગડગડાટ તાળીઓ આ નાટકની અસરકારકતાનો પુરાવો હતી. લેખન હતું મેહુલ વ્યાસનું તો સરસ અનુવાદ હતો શ્રીમતી યામિની

કાર્યક્રમની શરૂઆતથી જ વાતાવરણમાં એક સર્જનાત્મક ઊર્જા અનુભવાતી હતી. મંચસજ્જા, પ્રકાશ વ્યવસ્થા અને સંગીતના સુમેળે પ્રેક્ષકોને પ્રથમ દૃશ્યથી જ નાટકના ભાવજગતમાં પ્રવેશ કરાવી દીધા હતા

વ્યાસ નો. કાર્યક્રમના અંતિમ તબક્કે રજૂ થયેલું નામ ઓળખ અને અસ્તિત્વના પ્રશ્નોને સ્પર્શતું અત્યંત શક્તિશાળી નાટક હતું. જય દીક્ષિતના સબળ લેખન અને યશ ઉપાધ્યાયના દિગ્દર્શને આ કૃતિએ પ્રેક્ષકોને વિચારવા મજબૂર કર્યા. પિયુષ સોલંકી, મયુર ઠાકોર અને દેવ આઠવલેએ પોતાની અભિનય ક્ષમતાનું ઉત્તમ પ્રદર્શન કર્યું. અંતિમ દૃશ્ય પૂર્ણ થતાં સમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો.

આ સમગ્ર કાર્યક્રમમાં પ્રકાશ રચયિતા દિવ્યાંશી રતાવાનું યોગદાન વિશેષ નોંધપાત્ર રહ્યું. પ્રકાશના સર્જનાત્મક ઉપયોગે દરેક દૃશ્યને નવી ઊંડાઈ આપી. સંગીત ક્ષેત્રે જૂઈ છત્રપતિ અને યશ ઉપાધ્યાયએ રચેલા પાર્શ્વ સંગીત અને સંગીત સંચાલને નાટકોની લાગણીને અનેકગણી અસરકારક બનાવી. કાર્યક્રમની વધુ એક ગૌરવપૂર્ણ ક્ષણ હતી ગુજરાતી રંગભૂમિના ત્રણ પ્રતિષ્ઠિત સર્જકોનું સન્માન. જાણીતા લેખિકા અને અભિનેત્રી યામિની વ્યાસ, તેમજ અભિનેતા, લેખક અને દિગ્દર્શક જય દીક્ષિત અને ગુજરાત ગૌરવ પુરસ્કાર વિજેતા નાટ્યકાર, દિગ્દર્શક, અભિનેતા અને નિર્માતા વૈભવ મુકેશ દેસાઈ નું સન્માન કરવામાં આવ્યું. આ ક્ષણે સમગ્ર ઓડિટોરિયમ તાળીઓના ગડગડાટથી આ સર્જકોને અભિવાદન કરતું જોવા મળ્યું.

થેસ્પિયન આર્ટ્સનો આ કાર્યક્રમ માત્ર ૪ એકાંકી નાટકોનું મંચન નહોતો; તે ગુજરાતી રંગભૂમિની જીવંતતા, યુવા સર્જકોની પ્રતિબદ્ધતા અને કળા પ્રત્યેના પ્રેમનો ઉત્સવ હતો. નવરસોથી સમૃદ્ધ આ સાંજે સાબિત કર્યું કે જ્યારે સશક્ત લેખન, સંવેદનશીલ દિગ્દર્શન, અસરકારક સંગીત, સર્જનાત્મક પ્રકાશ અને સમર્પિત કલાકારો એક મંચ પર મળે છે ત્યારે રંગભૂમિ માત્ર કળા નથી રહેતી, પરંતુ પ્રેક્ષકોના હૃદયમાં લાંબા સમય સુધી ગુંજતી અનુભૂતિ બની જાય છે.

અનુસંધાન પાના ત્રણનું

કબીરા ખડા બઝારમે

પરંતુ બીજા ક્ષેત્રોમાંની મજબૂરીઓ ઘરઆંગણાના નિર્માણ ક્ષેત્રની અક્ષમતા, બહારથી માલ મગાવી તેની કિંમતોમાં ઉમેરો કરવા (વેલ્યુ-એડિશન) બાબતની અક્ષમતા તેમજ એક સાથે મોટા જથ્થામાં માલસામાનનું નિર્માણ કરવાની અશક્તિ ઊજાગર કરે છે. બહારના કાચા અથવા અર્ધ તૈયાર માલમાં અસાધારણ કાબેલિયત વડે નોંધપાત્ર વૃદ્ધિ કરવામાં ભારત સબળ પુરવાર થતું નથી. જો આઈફોનનાં મહત્વનાં અંગો ચીન કે વિદેશોમાંથી આયાત થતાં હોય તો આપણું યોગદાન માત્ર સ્ક્રુડ્રાઈવર ચલાવવા પૂરતું અને સસ્તા પાર્ટ્સ ઘરઆંગણે બનાવવા પૂરતું રહી જાય છે. જો કે રાહુલ ગાંધીને એ પણ ખબર નથી કે ભારતમાં સેલફોન્સ કમ સે કમ, એસેમ્બલ થઈ રહ્યાં છે અને તેના નિર્માણમાં ભારતમાં બનેલા માલસામાનનો ઉપયોગ ક્રમશઃ વધી રહ્યો છે. ઉપયોગ વધવાની ઝડપ વધે એ પણ જરૂરી છે. ભારતમાં બનતાં સેલફોન્સના લગભગ ૭૫ થી ૮૦ ટકા પાર્ટ્સ વિદેશોમાં બનેલા હોય છે. વીસ થી પચીસ ટકા અંગો ભારતમાં નિર્મિત હોય છે. ભારતમાં વેચાતા ૯૯ ટકા ફોન્સ ભારતમાં જ એસેમ્બલ્ડ હોય છે. આ પ્રવૃત્તિમાં ભારતના હિસ્સાઓની મૂલ્યવૃદ્ધિ ખૂબ ધીમી ઝડપે એટલા માટે થઈ રહી છે કે તે ફોન્સના નિર્માણ માટેની હાઈ-ટેક સબ-એસેમ્બલી સંયંત્રણા વિદેશોમાંથી ખરીદેલી હોય છે. જ્યારે ભારત આવી સંયંત્રણાઓ તૈયાર કરવા માંડશે ત્યારે ભારતમાં નિર્મિત વધુ અને વધુ પાર્ટ્સ ઉત્પાદનમાં ઉમેરી શકાશે. વિચારવા કે બોલવા કરતાં આ પ્રક્રિયાને અમલમાં મૂકવાનું મુશ્કેલ જરૂર છે, પણ ચીન, તાઈવાન, દ. કોરીયા, જાપાન, અમેરિકાએ વરસોથી આ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી જ છે. ભારત માટે તે અશક્ય બની જાય એટલી હદે મુશ્કેલ શા માટે હોવું જોઈએ.

આજથી દોઢ કે ચાર- પાંચ વરસ પૂર્વેના અમેરિકાનો એજન્ડા જુદો હતો. કોઈ પણ ભોગે ચીનને આગળ આવવા દેવાનું ન હતું. પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પ આવ્યા બાદ લક્ષ્યાંકની સોય વારંવાર લક્ષ્યાંકો બદલતી રહી. ટેરીફ અને યુદ્ધના ઉન્માદમાં પુરવાર થયું કે અમેરિકાની આણ હવે પહેલા જેવી રહી નથી. ચીન મક્કમપણે પ્રગતિ સાધી રહ્યું છે. પશ્ચિમ અને અમેરિકા તેને વિચલિત કરી શક્યા નથી. અગાઉ ચીનની ગતિ રોકવા પશ્ચિમે ભારતને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું હતું અને પશ્ચિમની એ સ્ટ્રેટેજીના ભાગ રૂપે ભારતમાં આઈફોન્સ, સેલફોન્સ, સેમિકન્ડક્ટરો વગેરેનું ઉત્પાદનો શરૂ કરાયાં. હવે અમેરિકાની એ જ સ્ટ્રેટેજી રહેશે કે કેમ તે નક્કી નથી. કોઈના ઝગડામાંથી નિકળેલા પ્રત્યાઘાતનો લાભ ભારતને મળ્યો, તે ભારતની કાબેલિયત પુરવાર કરતો નથી. ભારતે વિકાસની રફતાર લાંબા ગાળા માટે પ્રાપ્ત કરવી હોય તો પોતાની કાબેલિયત, ક્ષમતા સુધારવી પડશે. જે અનિવાર્ય છે તેમાં આજે પણ મોડું થઈ રહ્યું છે અન્યથા નીટના પેપરો ફૂટતાં ન હોત. મતો મેળવવા માટે પ્રધાનો દ્વારા એવા હજારો વિદ્યાર્થીઓને આ વરસે ઉપરના ધોરણમાં પ્રમોટ કરી દેવાયા છે. અમરેલીની શાળાઓમાં આવું આ ગયેલા સપ્તાહમાં બન્યું. તે બતાવે છે કે આપણે ત્યાં મેરીટોક્રસીને, યોગ્યતાના વિચારને તડકે મૂકવામાં આવ્યો છે. પ્રગતિ થાય છે, પણ ફરજ પડે ત્યારે થોડીક થાય છે. આજે પણ દેશમાં ગરીબોની સંખ્યા નાની સૂની નથી. અલગ અલગ સંસ્થાઓ તેના અંદાજ અલગ અલગ માત્રામાં આપે છે. વર્લ્ડ બેન્કના અંદાજ મુજબ લગભગ આઠ કરોડ લોકો ભારતમાં ગરીબી રેખાની નીચે જીવે છે. મતલબ કે સવા પાંચ ટકાની આસપાસ. નીતિ આયોગના દેશમાં બહુઆયામીય ગરીબીનું પ્રમાણ સવા અગિયાર ટકા છે. વર્તમાન સરકારે કરોડો લોકોને ગરીબીની રેખાથી ઉપર લઈ આવી છે પરંતુ વસ્તી નિયંત્રણ નહીં મૂકાય તો નવા ગરીબો જન્મતાં જ રહેશે. આ સ્થિતિમાં પણ આપણે ઘરઆંગણે પૂરતી કાર્યક્ષમ વર્કફોર્સ પૂરતા પ્રમાણમાં તૈયાર કરી નથી. આજે પણ ભારતનો નાગરિક એની આસપાસ નજર નાખશે તો મોટા ભાગની ચીજવસ્તુઓ આખેને આખી વિદેશોથી આયાત કરાઈ હશે અથવા વિદેશી કંપનીઓની મદદથી ભારતમાં તૈયાર કરવામાં આવી હશે. માત્ર ઉચ્ચ ટેકનોલોજીની જ નહીં પરંતુ

પાસ્તા અને ખાદ્યાન્નોનો તેમાં સમાવેશ થાય છે.

ભારત સામાન્ય બાબતોમાં પણ વિદેશો પર ઘણો આધાર રાખે છે ત્યારે સવા ત્રણ લાખ કરોડ રૂપિયાની કિંમતે ફ્રાન્સ પાસેથી ૧૧૪ રાફેલ જેટ ખરીદે કે લાખો કરોડો રૂપિયા ખર્ચીને સોલર પેનલ આયાત કરે તે સ્વાભાવિક લાગવા માંડે છે. વિશ્વ વેપારમાં ભારત ભોગવી રહ્યું છે તે ખાધ અટકાવવી હોય તો પરાધીનતા ઘટાડવી પડશે. તે સામે થઈ રહ્યું છે ઊલટું. ચીન સાથે દુશ્મનાવટ ઘણી વધી ગઈ એ જ વરસોમાં, નાણાકીય વરસ ૨૦૨૦ અને નાણાકીય વરસ ૨૦૨૬ દરમિયાન ચીન સાથેના વેપારની ભારતની ખાધ પણ બમણી થઈ ગઈ છે. ઘરે કરોડો માણસો છે પણ લાયકાત અને કામ વગરના છે અને પરિણામે દેશે વિદેશોમાંથી વધુ માલસામાન આયાત કરવો પડે છે. આટલી બધી પરાધીનતાના દુષ્પરિણામો પણ આપણે જોઈ રહ્યા છીએ. ગયા વરસે ચીને ભારતને મહત્વનાં ખનીજો વેચવાનું બંધ કર્યું હતું તેની અસર ભારતના વાહન ઉદ્યોગ અને રિન્યુએબલ ઊર્જા ક્ષેત્ર પર ઘણી બૂરી રીતે પડી હતી. નવા જમાનાની નવી પરાધીનતાનો પણ તોડ કાઢવો પડશે.

અનુસંધાન પાના ત્રણનું

કાઈમ કોડ

પાછળથી આવતાં વાહનોના હોર્નના અવાજ પણ બહેરા કાને અથડાતા હતા. પોલીસ જવાનોને વ્યવસ્થા જાળવવા સાથે શકમંદોને શોધવાના હતા.

આ ભીડ ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદીના વાહનને ય બહુ નડી. એક એક પળ અમૂલ્ય હતી પણ ઘાંઘાં થવાથી ભીડ બેકાબૂ થઈ જાય તો નવી ને મોટી ઉપાધિ ઊભી થાય. પાછા સાથે બે મોંઘેરા મહેમાન હતા જેમને સાચવીને લઈ જવાના હતા. નીરવે બારીના કાચની બહાર વધતો માનવ મહેરામણ જોયો. પછી ધીરજ ગુમાવતાં ચંદુ અને મજીદને ધરપત આપી, ''થોડી મિનિટોમાં તમે પોતાના યુનિટ સાથે હશો.''

***

સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબા ગુસ્સામાં ઊભો થઈને હવાલદાર પાસે ગયો.

હવાલદાર ફોન પર પત્નીને સમજાવતો હતો. ''ના, ના. બે દિવસની રજાની વાત જ જવા દે. બે કલાક વહેલા જવાની પરમિશન પણ ન મંગાય. આ વખતે અલગ જ ટેન્શન છે... માથું ઊંચું કરવાનો ય ટેમ ન મળે... ''

સબાએ બુટનો અવાજ કરીને, ખોંખારો ખાઈને અને 'સાહેબ સાહેબ' કહીને ત્રણ વાર હવાલદારનું ધ્યાન દોરવા પ્રયાસ કરી જોયા પણ ફોનને સામે છેડે'સાહેબ'ની પત્ની માનવા તૈયાર જ નહોતી.

સબાએ ટેબલ પરથી ફાઈલ અને પેપર્સ મૂકવાનું લાકડાનું બોક્સ ઉપાડીને જોરથી ટેબલ પર પછાડ્યું. આ સાથે તેણે રાડ પાડી, 'મારી વાઈફ રાતથી લાપતા છે ને પોલીસ વીડિયો ગેમ રમે છે. એનો અતોપતો મળતો નથી ને અહીં ગપ્પાબાજી ચાલે છે ગપ્પાબાજી'. આટલું બોલીને એ જમીન પર બેસીને માથે હાથ મારતા મારતા પોક મૂકીને રડવા માંડ્યો, 'ક્યાં છે તું આયેશા... આયેશા..'

(ક્રમશઃ)

કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

કાકુરો- નો ઉકેલ